SSP/FEB98/G/06/02/550

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## સત્સંગ પ્રવીણ

## પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૫] (રવિવાર, ૧૫ ફેબ્રુઆરી, ૧૯૯૮) કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

### વિભાગ - ૧ (કિશોર સત્સંગ પ્રવીણ)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'ભક્તરાજ ! આજે મોડું કેમ થયું છે ? સૂર્યવંશી તો નથી થઈ ગયા ને ?'

૨. 'બીજી કોઈ દવા કરાવવી નથી, પણ સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરો.'

૩. 'તારા હાથ બતાવ તો '

૪. 'દાદા ખાચર, રીંગણાં લોયાનાં સારાં કે ગઢડાનાં ?'

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ બે પ્રસંગો કારણ આપીને સમજાવો. (બારેક લીટીમાં)** ૮

૧. આશ્રમના મહંત દ્વારકાની યાત્રાએ નીકળ્યા.

૨. મહારાજ ફરી કોઈ વખત મછિયાવ પધાર્યા નહિ.

૩. મહારાજે કહ્યું 'અમારો ઢોલિયો તણાય છે.'

૪. રાજાભાઈએ ઘરવખરી વેચી દીધી.

**પ્ર.૩. નીચેના કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. સોમલા ખાચર

૨. અદ્‌ભુતાનંદ સ્વામી

૩. ઉપાસના

૪. માનસી પૂજા

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. અષ્ટાંગ યોગના આઠ અંગ કયાં કયાં છે ?

૨. કયાં ચાર ગુણો સિદ્ધ થાય તો આત્યાંતિક કલ્યાણ થાય ?





૩. શિક્ષાપત્રીની રચના ક્યારે થઈ ?

૪. જેઠા મેર અને તેનાં પત્ની કયું વ્રત પાળતા ?

૫. ઉત્તમ ભક્તની માનસી પૂજા કરવાની વાત મહારાજે ક્યા વચનામૃતમાં કરી છે ?

૬. 'સત્સંગિજીવન' ગ્રંથની રચના કોણે કરી ?

**પ્ર.૫. નીચે આપેલ સ્વામીની વાત પૂરી કરી તેનું વિવરણ લખો અથવા વચનામૃતનું નિરૂપણ કરો.** ૫

'ભગવાનને મોટા સાધુને..........................................

**અથવા**

**'વચ.ગ.પ્ર.નું ૫૪'** નું નિરૂપણ કરો.................................

**પ્ર.૬. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર ટૂંક નોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. ભક્તરાજ મગનભાઈ.

૨. ધ્યાન.

૩. શાસ્ત્રની દ્રષ્ટિએ તીર્થ એટલે શું ? તે જણાવી તેના પ્રકારની ટૂંકી ચર્ચા કરો.

**પ્ર.૭. નીચેનામાંથી કોઈ પણ ત્રણ કીર્તન/શ્લોક/અષ્ટકની ખૂટતી કડી પૂરી કરો.** ૬

૧. કામ, ક્રોધ.........................સુની લેજો હરિ તેહ.

૨. વ્હાલા તારા ઉરમાં અનુપમ.......................... ભરી બાથજી રે લોલ.

૩. માયામયાકૃતિતમો....................................... શરણં પ્રપદ્યે ।

૪. ગાલિદાનં................................................... હિતં ચ તૈ : ।

૫. પ્રીત કર પ્રીત કર......................................... તત્કાળ ત્યારે.

### વિભાગ - ૨ (ગુણાતીતાનંદ સ્વામી)

**પ્ર.૮. નીચેનામાંથી કોઈપણ બે વિધાન કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'સ્વામી, એમના તો અમે નિરંતરના જામીન છીએ.'

૨. 'હવે તેને લાકડાં કાપવાં નહીં પડે.'

૩. 'અહો ! બસો સાધુમાં વૃત્તિના નિરોધવાળા એક તમે જ નીકળ્યાં.'

૪. 'સ્વામી! જમપુરીનું દુઃખ સાચું છે. મારે આવી જમપુરીમાં ન જવું પડે તેવી દયા કરો.'

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ <u>બે</u> વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં) ૮**

૧. હંસરાજભાઈ સ્વામીશ્રીને રાજી ન કરી શક્યા.
૨. સ્વામી મહારાજની ઘોડી સાથે દોડ્યા.
૩. કરશન બાંભણિયાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.
૪. નાગર ભક્તનો રસાસ્વાદ નીકળી ગયો.

**પ્ર.૧૦. નીચેનામાંથી કોઈપણ <u>બે</u> વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) ૮**

૧. સોરઠનો સત્સંગ.
૨. ભક્ત વત્સલ.
૩. અસીમ શ્રદ્ધા.
૪. ભાદરામાં મહારાજે કહેલો મૂળજી ભક્તનો મહિમા.

**પ્ર.૧૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. ૬**

૧. છ ગ્રંથીઓનાં નામ આપો.
૨. ગુણાતીતાનંદ સ્વામીએ ક્યા ગામમાં વેદાંતીઓનો પરાજય કર્યો ?
૩. ગુણાતીતાનંદ સ્વામીને ક્યાં અને ક્યારે દીક્ષા આપી ?
૪. શ્રીહરિ સાથે ગુણાતીતાનંદ સ્વામી (મૂળજી ભક્ત) નો પ્રથમ મેળાપ ક્યાં થયો ?
૫. ધરમપુર જતાં ગુણાતીતાનંદ સ્વામીએ કોની સેવા કરી ?
૬. શ્રીજીમહારાજ ગુણાતીતાનંદ સ્વામીને બીજા ક્યા નામથી બોલાવતા ?

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈપણ <u>બે</u> પ્રસંગો ટૂંકમાં વર્ણવી તેનો ભાવાર્થ લખો. (બારેક લીટીમાં) ૮**

૧. અમદાવાદમાં સન્માન.
૨. દેહનો અનાદર.
૩. 'અમારા તિલક.'
૪. આજ્ઞાધારક.

**વિભાગ - ૩ (સત્સંગ પરિચય પરીક્ષાનાં પુસ્તકોને આધારે)**

**પ્ર.૧૩. નીચેનામાંથી કોઈપણ <u>બે</u> વિષે ત્રીસ-ત્રીસ લીટીમાં વિવરણ લખો. ૨૦**

૧. પ્રાગજી ભક્તનાં બાળચરિત્રો.

**અથવા**

'અડસઠ તીરથ સદ્‌ગુરુ ચરણમાં.'

૨. મુકુંદ બ્રહ્મચારીની નિષ્ઠા.

**અથવા**

અયોધ્યા પ્રસાદજી મહારાજનો ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યે પ્રેમ.

૩. નાજા જોગિયા.

**અથવા**

સુંદરજી સુથાર.

૪. આણંદમાં અપમાન.

**અથવા**

કૃપા સાધ્ય શ્રીજીમહારાજ.